



## તલગાજરડા ખાતે જળ સંચય અભિયાન

રાષ્ટ્રની વર્તમાન સમયની સૌથી વિકરાળ બનતી જતી સમસ્યા જળ સંકટ છે. ભૂગર્ભ જળ સ્તર ચિંતાજનક હદે નીચે ઉતરી ગયા છે અને સમુદ્રી ખારાશ ખેતી લાયક જમીનને ક્ષારયુક્ત બનાવી રહી છે એવા સમયે વરસાદી પાણીનો વધુમાં વધુ સંચય થાય અને એનાથી ભૂતળ રીચાર્જ થાય એવા પ્રયત્નો કરવાની સમયની માંગ છે. તલગાજરડા ખાતે પૂજ્ય બાપુની નિશ્રામાં રૂપાવો નદીને ઊંડી ઉતારીને, નદી તળને જીવંત કરવાનું અભિયાન પુરા વૈજ્ઞાનિક અભિગમથી હાથ ધરવામાં આવ્યું છે. રાજસ્થાનના જળ મેગ્સેસ એવોર્ડ વિજેતા રાજેન્દ્રસિંહજીએ આ સંદર્ભમાં તલગાજરડા રૂબરૂ આવીને જળસંચય પ્રવૃત્તિ અંગે પ્રત્યક્ષ માર્ગદર્શન આપ્યું હતું અને આ શુભ પ્રવૃત્તિની પ્રશંસા કરી ગ્રામજનોને ધન્યવાદ આપ્યા હતા. પૂજ્ય મોરારીબાપુની શુભેચ્છા મુલાકાત લઈ, બાપુ સાથે પણ આ અંગે વિચાર વિમર્શ કર્યો હતો. રામકથાના માધ્યમથી વિશ્વમાં સત્ય, પ્રેમ અને કરુણાની ગંગાધારા વહાવનાર પૂજ્ય બાપુ સામાજિક ઉત્થાન અને પર્યાવરણ સુધારણના ક્ષેત્રે પણ નક્કર અને પરિણામલક્ષી કાર્યો દ્વારા, સમાજને પ્રેરણા અને દિશા સૂચન આપતા રહે છે. એ દિશામાં વર્તમાન જળ સમસ્યાના ઉકેલની દિશામાં નદી તળને જીવંત કરવા માટેનું આ જળ સંચય અભિયાન સૌને માટે પ્રેરણાદાયી છે.

# સોલામાં દિનદહાડે અપહરણ કરી ૫૩ લાખની દિલધડક લૂંટ

### પોલીસ અને ક્રાઈમ બ્રાંચ દ્વારા મામલામાં તપાસ : ચાકુ બતાવી વેપારીનું અપહરણ : નાકાબંધી કરીને શોધખોળ

અમદાવાદ,તા.૧૫

અમદાવાદ શહેરના હંમેશા ભરચક રહેતા સોલા વિસ્તારમાં દિનદહાડે અપહરણ કરીને ૫૩ લાખની લૂંટની ઘટનાથી ભારે સનસનાટી મચી ગઈ છે. લૂંટ કરવામાં આવ્યા બાદ ચારેબાજુ નાકાબંધી કરવામાં આવી છે. જો કે, હજુ સુધી આ સંદર્ભમાં કોઈ સફળતા હાથ લાગી નથી. બપોરના ગાળામાં આ ઘટના બની હતી. બનાવની વિગત એવી છે કે, આજે બુધવારે બપોરે સોલા વિસ્તારમાં આવેલી મર્કન્ટાઈલ બેંકમાંથી પૈસા ઉપાડી એક વેપારી પોતાની ગાડીમાં જઈ રહ્યો હતો. ત્યારે એક મારૂતિ વાને પાછળથી વેપારીની ગાડીને ટક્કર મારી હતી. ત્યાર બાદ મારૂતિ વાનમાં સવાર ત્રણ ચાર શખ્સોએ વેપારી સાથે ઝઘડો કરી તેની ગાડીમાં બેસી ગયા હતા. વેપારીનું અપહરણ કર્યા બાદ ગાડીમાં વેપારીને ચપ્પુ બતાવી ગોતાથી ઓગણજ તરફ લઈ ગયા હતા. વેપારી પાસે રહેલાં ૫૩ લાખ રૂપિયા લઈ શખ્સો ફરાર થઈ ગયા છે. હાલ પોલીસે નાકાબંધી કરી લૂંટારૂઓને પકડવાના પ્રયાસ હાથ ધર્યા છે. બીજી બાજુ ક્રાઈમ બ્રાંચ અને સોલા પોલીસ દ્વારા સમગ્ર મામલામાં બિલ્ડર પુત્રની પુછપરછ હાથ ધરવામાં આવી છે. આ મામલામાં ક્રાઈમ બ્રાંચ અને સોલા પોલીસ ઉંડી તપાસમાં હોવા છતાં પ્રાથમિક માહિતી જ મળી શકી છે. અપહરણ અને લૂંટ પાછળનો હેતુ શું હતો તે અંગે પણ હજુ જાણી શકાયું નથી.

યોજના પુર્વક વાહનને ટક્કર મારવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં તાજેતરના દિવસોમાં લૂંટના ઘણા બનાવો બની ચુક્યા છે. જુદા જુદા ગુનાઓનું પ્રમાણ હાલના દિવસોમાં વધ્યું છે. થોડાક દિવસ પહેલા જ આંગડિયા પેઢીની મોટાપાયે લૂંટ કરવામાં આવી હતી. બાવળા વિસ્તારમાં આ લૂંટ કરવામાં આવ્યા બાદ આનો ભેદ પણ વહેલી તકે ઉકેલી લેવામાં આવ્યો હતો. તમામને કલાકોના ગાળામાં જ પકડી લેવામાં આવ્યા હતા. ૫૩ લાખની દિલધડક લૂંટના સંદર્ભમાં પણ એવું જાણવા મળે છે કે, કોઈ જાણ ભેદુ હોઈ શકે છે. વેપારી બેંકમાંથી પૈસા ઉપાડી જઈ રહ્યા છે તે અંગેની માહિતી અપહરણકારો પાસે પહેલાથી જ હતી. આનો મતલબ એ થયો કે કોઈ વ્યક્તિએ વેપારીનો પીછો કર્યો હતો અને નાણા ઉપાડી લીધા હોવાની માહિતી મેળવી લીધી હતી. આ મામલામાં પોલીસ હજુ સુધી કોઈ કારણો આપ્યા નથી પરંતુ પ્રાથમિકરીતે આવી શંકા રહેલી છે.




# ચેકડેમોના નિર્માણથી જળસંગ્રહ ક્ષમતામાં વધારો

ગાંધીનગર, તા. ૧૫

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલે ગુજરાતમાં જળસંગ્રહ ક્ષમતા ડેમ-જળાશયોમાં વધારવા તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જળસંચયના જે કામોને જનસહયોગથી શરૂ કરાવ્યા હતા તેને ગતિશીલતાથી આગળ ધપાવી ૧ લાખ ૬૬ હજાર ૦૮૨ ચેકડેમ નિર્માણ કરીને ૨૮૪૦૮ મિલીયન ઘનફૂટ પાણી સંગ્રહ ક્ષમતા પહોંચાડી છે. ઉત્તર ગુજરાતની મોટી યોજના ધરોઈ બંધના જળાશય જેટલો પાણી સંગ્રહ આ ચેકડેમો નિર્માણ થતાં થઈ શકે છે. મુખ્યમંત્રી રાજ્યના હરેક ખેડૂતના ખેતર સુધી પાણી પહોંચે, સિંચાઈ સવલતો પર્યાપ્ત માત્રામાં મળે તે માટે કિસાનપુત્રી સહજભાવથી ચેકડેમ મરામત, કાંપ કાઢવો તથા તળાવો ઊંડા કરવા જેવા કામોને તંત્ર દ્વારા અને જનશક્તિના સહયોગથી પ્રેરિત કરતા રહ્યા છે.

તદનુસાર પાછલા ત્રણ વર્ષમાં ચેકડેમ મરામતના ૭૭૩ કામો હાથ ધરીને ૧૨૪૬ ચેકડેમમાંથી ૧૭૪.૫ મિલીયન ઘનફૂટ કાંપ-માટી કાઢવામાં આવી છે. આના પરીણામે આ ચેકડેમમાં ૧૭૪.૫ મિલીયન ઘનફૂટ વધારાના પાણીનો સંગ્રહ થઈ શક્યો છે. આ જ સમયગાળા દરમ્યાન ૧૮૩૭ તળાવો ઊંડા કરવાના કામો પૂર્ણ થતાં ૩૬૩.૪ મિલીયન ઘનફૂટ વધુ પાણી એકઠું થઈ શક્યું છે.

રાજ્યના નાના-મોટા જળાશયોમાંથી ખેડૂતો દ્વારા તથા સરકારની મશીનરી અને ટેન્ડર પદ્ધતિથી છેલ્લા ત્રણ વર્ષમાં ૫૪૨.૦૫ મિલીયન ઘનફૂટ કાંપ કાઢવામાં આવ્યો છે. જેનાથી જળાશયોમાં કાંપ ભરાવાથી જે સંગ્રહશક્તિ ઘટી હતી તે પુનઃ મેળવી શકાઈ છે.

મુખ્યમંત્રીના જળસંચય-જળસંગ્રહ સૂચનોને રાજ્યના કૃષી વિભાગના જી.એલ.ડી.સી. અને જળસંપત્તિ વિભાગે ઝુંબેશના રૂપમાં ઉપાડી લઈને છેલ્લા ૩ વર્ષમાં ૨૯૫૦ કિ.મીટર લંબાઈની નહેરો-નાળાઓ સાફ કરીને ૧૫.૦૧ મિલીયન ઘનફૂટ કાંપ-માટી સાફ કર્યા છે. આમ, જળાશયો, તળાવો, ચેકડેમ, નહેરો અને નાળાઓમાંથી કુલ ૧૦૯૭ મિલીયન ઘનફૂટ કાંપ કાઢવામાં આવ્યો છે. આ કાંપ રાજકોટના આજી-૧ ડેમની જળાશય સંગ્રહશક્તિ જેટલો થવા જાય છે. આ વર્ષો દરમ્યાન ૩ લાખ ૩૮ હજાર ૩૧૦ હેક્ટર વિસ્તારની નહેરોના મરામત-સુધારણાના કામો પાર પાડવામાં આવ્યા છે.

આમ, આગામી ચોમાસા પૂર્વે ચેકડેમ, તળાવો, જળાશયોના કાંપ કાઢવાની તંત્રની કાર્યવાહીને પરિણામે વરસાદી પાણીનો સંચય તથા નવા આવરાનો સંગ્રહ જળક્રાંતિને વેગ આપે તે માટેના સઘન પ્રયાસો રાજ્ય સરકારે મુખ્યમંત્રીના પ્રેરક માર્ગદર્શનમાં સફળતાપૂર્વક હાથ ધર્યા છે.

# મોડાસામાં મુખ્યમંત્રીની મુલાકાતને લઈ જિલ્લા વહીવટીતંત્રની તડામાર તૈયારીઓ

### મુખ્યમંત્રીની મુલાકાત ટાણે શ્યામનગર સોસાયટી-કચ્છ કડવા પાટીદાર રોડ પર લગાવેલ બેરીકોડ ખોલાતા વાહનચાલકો આનંદમાં

મોડાસા, તા. ૧૫

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૭ જૂન શુક્રવારના રોજ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ શહેરી વિસ્તારોમાં સરકારનો કન્યા કેળવણી મહોત્સવ અને પ્રવેશોત્સવ સંદર્ભ નગરની પ્રાથમિક અને માધ્યમિક શાળાની મુલાકાતે આવનાર હોઈ જિલ્લા વહીવટીતંત્ર, શિક્ષણ વિભાગ અને મોડાસા નગરપાલિકા તંત્રએ તડામાર તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. જાણે ત્રણેય તંત્રમાં મુખ્યમંત્રી બહેનને વ્હાલા લાગવા હરીફાઈ જામી હોય તેવુ શહેરીજનોને અહેસાસ થઈ રહ્યો છે.

મોડાસા નગરની માલપુર રોડ પર આવેલી સરસ્વતિ વિદ્યાલય અને શહેરના સર્વોદયનગર વિસ્તાર (ડુંગરી)ની પ્રાથમિક શાળાની મુલાકાતે રાજ્યના મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ ૧૭ જૂનને શુક્રવારે આવવાના છે ત્યારે જિલ્લા વહીવટીતંત્ર, શિક્ષણવિભાગ અને નગરપાલિકા તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. મોડાસા શહેરની માલપુર રોડ પર આવેલી સરસ્વતી વિદ્યાલયની વિદ્યાર્થીઓને પ્રવેશોત્સવ માટે પસંદગી કરવામાં આવતા નગરપાલિકાતંત્ર દ્વારા છેલ્લા એક સપ્તાહથી માલપુર રોડ પર સાફ-સફાઈ હાથ ધરી માલપુર રોડને શણગારવાની સાથે મોડાસા આઈ.ટી.આઈ.ની સામે આવેલી શ્યામનગર સોસાયટીથી સરસ્વતી વિદ્યાલયનો રોડ કેટલાય સમયથી ઉબડખાબડ હતો તેને ડામર રોડથી નવો બનાવી દેવાની સાથે શ્યામનગર સોસાયટીની હદ પૂર્ણ થતા તેની બાજુની સોસાયટીના રહીશો દ્વારા ફોર વ્હીલર વાહનચાલકો અને મોટા સાધનો પસાર ન થાય તે માટે ગેરકાયદેસર દરવાજો બનાવી દેવામાં આવ્યો હતો તે પણ કાઢી નાખી રસ્તાને પહોળો કરતા વાહનચાલકોમાં આનંદ છવાયો હતો. માલપુર રોડ પર રીક્ષા-છકડા અને ટેક્સી દ્વારા આડેધડ અને માર્ગની વચ્ચોવચ દાદાગીરીથી કરાતા પાર્કીંગ પણ વહીવટીતંત્ર અને નગરપાલિકા તંત્ર દ્વારા લાલ આંખ કરાતા વ્યવસ્થિત પાર્કિંગની જગ્યાએ પાર્ક કરતા માલપુર રોડ ખુલ્લો બની જતા નગરજનોમાં આનંદ છવાયો હતો. તેમજ મોડાસા સર્વોદયનગર વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાની મુલાકાત પણ મુખ્યમંત્રી લેનાર હોઈ સર્વોદયનગર વિસ્તારમાં નવા ડામર રોડ બનાવાની સાથે સતત ગંદકીથી ખદબદતા વિસ્તારો પણ નગરપાલિકા તંત્ર દ્વારા સાફ સફાઈ હાથ ધરી સ્વચ્છ બનાવી દેતા સર્વોદયનગર વિસ્તારમાં રહેતા ગરીબ વર્ગના લોકોમાં આનંદ છવાયો હતો.



ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી મોડાસા શહેરની મુલાકાતે આવનાર છે ત્યારે અગાઉથી નક્કી થયેલી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જ પ્રવેશોત્સવ સંદર્ભે મુલાકાત લેનાર છે ત્યારે શહેરની અન્ય પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની તેમાંય ગુજરાત સરકારની પ્રાથમિક શાળાઓની ઓચિંતી મુલાકાત લઈ બાળકો સાથે અભ્યાસ અંગેની જાણકારી મેળવે તેવુ શહેરના પ્રજાજનો ઈચ્છી રહ્યા છે. તેમજ દરરોજ મુખ્યમંત્રી શહેરની મુલાકાતે આવે તેવુ પણ પ્રજાજનો ચર્ચી રહ્યા છે.





## પાલનપુરમાં મુખ્યમંત્રીના કોંગ્રેસ પર આકરા પ્રહાર

ગુજરાત ના મુખ્ય પ્રધાન આનંદીબેન પટેલ બનાસકાંઠા જીલ્લામાં આવેલી એકલવ્ય મોડલ સ્કુલ નું લોકાર્પણ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા. બનાસકાંઠા ના પાલનપુર પાસે આવેલી જગાણા પાસે ૩૬ કરોડ ના ખર્ચે ૪૦૦ બાળકો ભણી શકે તેવી અત્યાધુનિક સ્કુલ નું લોકાર્પણ કર્યુ હતું આ પર્સંગે જીલ્લા ના વહીવટી તંત્ર સહીત સ્થાનિકો ખાસ હાજર રહ્યા હતા આ પ્રસંગે મુખ્ય પ્રધાન દ્વારા કોંગ્રેસ પર આકરા કરતા જણાવ્યું હતું કે કોંગ્રસ ના ૪૫ વર્ષ ના શાશન માં શિક્ષકો ની ભરતી પર પ્રતિબંધ ના પગલે ગુજરાત ની આજે આ હાલત થવા પામી છે તેમજ ગુજરાત માં આજે શંકરશિહ વાઘેલા ની પ્રેસ કોન્ફરન્સ નો જવાબ આપતા જણાવ્યું હતું કે કોંગ્રસ હવે ભારત મુક્ત થઈ રહી છે તેમજ પક્ષ હવે પોતાના નેતા ઓ ની ચિંતા કરે। જગાણા ખાતે મુખ્ય પ્રધાન આજે આકરા તેવર માં જણાયા હતા તેમજ કોંગ્રસ ના પૂર્વ પ્રદેશ પ્રમુખ સહીત ને આડે હાથ લેતા ૨૦૧૭ માં પણ ભાજપ ની જ સરકાર બનશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો। આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ રાજ્ય પ્રધાન હરિભાઈ ચૌધરી સહીત રાજ્ય આરોગ્ય પ્રધાન શંકર ભાઈ ચૌધરી ખાસ હાજર રહ્યા હતા

# અમદાવાદ શહેરમાં ગરમીના પ્રમાણમાં ફરીથી વધારો થયો

અમદાવાદ,તા. ૧૫

અમદાવાદ સહિત રાજ્યભરમાં તાપમાનમાં સતત ફેરફારની સ્થિતિ જોવા મળી રહી છે. આજે ફરી એકવાર અમદાવાદમાં પારો વધ્યો હતો અને મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. બીજી બાજુ પાટનગર ગાંધીનગરમાં પારો ૪૦ સુધી પહોંચ્યો હતો. અમદાવાદ સહિત રાજ્યભરમાં આંશિક વાદળછાયુ વાતાવરણ હોવા છતાં ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. ગાજવીજ સાથે વરસાદી ઝાપટા પડવાની શક્યતા દેખાઈ રહી છે. રાજ્યમાં સૌથી વધુ તાપમાન આજે અમદાવાદમાં જ નોંધાયું હતું. જો કે, હવે પારો વધુ ઉપર જાય તેવી શક્યતા ઓછી છે. અમદાવાદ સહિત ગુજરાતમાં હવે મોનસુનની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે. વરસાદની એન્ટ્રી હવે થવાની તૈયારીમાં છે. અમદાવાદમાં આવતીકાલે આંશિક વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. નિચલી સપાટી ઉપર દક્ષિણ પશ્ચિમ પવનો હાલમાં ફુંકાઈ રહ્યા છે. ગુજરાતમાં આ મહિનાના ચોથા સપ્તાહ સુધી મોનસુનની એન્ટ્રી થઈ શકે છે. અમદાવાદમાં આજે વાદળછાયુ વાતાવરણ હોવા છતાં બપોરના ગાળામાં લોકોએ તીવ્ર ગરમીનો અનુભવ કરવો પડ્યો હતો.

# રાજય પોલીસ દળમાં તાકીદે ભરતી કરવા કેન્દ્રનો આદેશ

### પોલીસ હાઈટેક બનવા જઈ રહી છે ત્યારે બીજી તરફ પોલીસ બેડામાં ઓછા મેન પાવરથી કામગીરી પર અસર

અમદાવાદ, તા.૧૫

કેન્દ્ર સરકારે ગુજરાતના મુખ્ય સચિવને રાજયમાં સંપૂર્ણ પોલીસ ફોર્સની ભરતી કરવા માટે આદેશ કર્યો છે. વસતી પ્રમાણે રાજયમાં ૪૦ હજાર જેટલો પોલીસ ફોર્સ ઓછો છે. છાશવારે સરકારના મોટાપાયે યોજાતા કાર્યક્રમો અને ડિમોલીશનના કામકાજમાં જંગી પોલીસ ફોર્સની જરૂર પડતી હોય છે. ત્યારે બીજા વિસ્તારોમાં પોલીસના નામે નામમાત્રનો જ સ્ટાફ ફરજ બજાવતો હોય છે અને ત્યાં જો કોઈ અનિચ્છનીય ઘટના થઈ જાય તો કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંભાળતી મુશ્કેલ બની જાય તેવી સ્થિતિ હોય છે. કેન્દ્ર સરકાર દ્વારા રાજયના મુખ્ય સચિવને વહેલી તકે પોલીસ ફોર્સની પુરેપુરી ભરતી કરવા માટે કહેવામાં આવ્યું છે. જો કે કેન્દ્ર સરકાર ન કહે તો પણ પોલીસની દરેક કેડરમાં મોટાપાયે જગ્યાઓ ખાલી છે તે જોતા ભરતી અનિવાર્ય છે પરંતુ સરકાર હજુ રાબેતા મુજબ વર્ષે ૧૦-૧૨ હજાર કોન્સ્ટેબલો અને થોડા પીએસઆઈની ભરતીથી આગળ વધી રહી નથી. ગત ઓગસ્ટ મહિનામાં પાટીદાર અનામત આંદોલન સમયે થયેલા તોફાનોમાં પહેલા કલાકોમાં પોલીસ પર હુમલા થયા હતા અને પોલીસને રીતસર તોફાનીઓની સામે જવાના બદલે ભાગવું પડ્યું હતું. પોલીસની આવી દયાજનક સ્થિતનો લાભ લઈને તોફાનીઓ સરકારી જ્યારે પોલીસ ક્વિક રિસ્પોન્સ આપી શકતી નથી અને ક્યારેક આર્થિક રીતે તો ક્યારેક જાનહાનિના પણ કિસ્સા બની રહ્યા છે. એક તરફ પોલીસ હાઈટેક થવા જઈ રહી છે અને શહેરોમાં દરેક ચાર રસ્તા પર સીસીટીવી કેમેરા મુકવામાં આવે છે. જેમાં ટ્રાફિક નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને ઈ-મેમો આપવામાં આવે છે. શરૂઆતમાં ઉત્સાહપૂર્વક અમલ કર્યા બાદ હવે પોલીસ આ મામલે ઠંડી પડી ગઈ છે. કારણ કે આવા હજ્જારો મેમો આપવા પાછળ જ જો પોલીસ ફોર્સ રોકાઈ જાય તો અન્ય કામ રઝળી પડતા હોય છે. સરવાળે સીસીટીવી કેમેરાનો કન્સેપ્ટ પણ કરોડો રૂપિયા ખર્ચ કર્યા બાદ નિર્થક જઈ શકે છે. ટ્રાફિક નિયંત્રણના કામ માટે જે યુવાનોને રાખવામાં આવે છે તેમને પુરતો અને નિયમિત પગાર નહીં અપાતો હોવાનો વિવાદ પણ બહાર આવ્યો હતો.

## અચ્છે દિન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આવશે. કંપનીઓ નવી નવી વિમાની સેવા નાના શહેરો માટે શરૂ કરી શકે તેવી યોજના રાખવામાં આવી છે. નવી પોલિસીમાં નાના શહેરોમાં વિમાની યાત્રાની સુવિધા શરૂ કરનાર કંપનીઓને સરકાર ૮૦ ટકા સુધી નુકસાનની ભરપાઈ માટે તૈયાર છે. વધુને વધુ એર કનેક્ટીવીટી શરૂ કરવામાં આવશે. આ પોલિસીનો હેતુ વર્ષ ૨૦૨૨ સુધી ૩૦ કરોડ એરટિકિટનું વેચાણ કરવાનો છે. ૫૦ કરોડ ટિકિટ ૨૦૨૭ સુધી થશે. આંતરરાષ્ટ્રીય વિમાની યાત્રાની વાત કરવામાં આવે તો સરકારનો હેતુ ૨૦૨૭ સુધી ૨૦ કરોડ વાર્ષિક ટિકિટ વેચવાનું છે. નવી પોલિસીમાં એવી દરખાસ્ત છે કે, ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય ટિકિટ ઉપર રિઝનલ કનેક્ટીવીટી ફંડ હેઠળ બે ટકા વધારાના સેઝ લાગૂ કરવામાં આવશે. સ્થાનિક ટિકિટ કેન્સલ કરવામાં આવે છે તો ૧૫ દિવસની અંદર યાત્રીઓને પૈસા પરત મળી જશે. ઈન્ટરનેશનલ ટિકિટ રદ કરવામાં આવે છે તો ૩૦ દિવસની અંદર પૈસા મળશે. મહત્તમ ભાડુ ૨૫૦૦ રૂપિયા એક મહિનાની ફલાઈટ માટે રાખવામાં આવશે. વિમાનની યાત્રા માટે પણ લોકોને આકર્ષિત કરવાની યોજના રહેલી છે.

## બેંકોને મર્જ કરાઈ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

એસબીઆઈ અને તેની એસોસિએટ બેંકોના મર્જરની બાબતને બંને માટે યોગ્ય ગણવામાં આવે છે. એસબીઆઈનું નેટવર્ક આના કારણે વધી જશે. તેનું નેટવર્ક અન્યો કરતા આગળ થઈ જશે. હાલમાં કોઈપણ ભારતીય બેંક વિશ્વની ટોપ ૫૦ બેંકોમાં સ્થાન ધરાવતી નથી. આ મર્જરની સાથે વૈશ્વિક સપાટી તરફ એસબીઆઈ આગેકૂચ કરી લેશે. એસોસિએટ્સ અને શાખા બેંકોના કસ્ટરમરોને પણ વધારે ફાયદો થશે. એસબીઆઈએ વર્ષ ૨૦૦૮માં સૌથી પહેલા સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર સાથે મર્જ થઈ ગઈ હતી. બે વર્ષ બાદ સ્ટેટ બેંક ઓફ ઈન્દોરને મર્જ કરી દેવમાં આવી હતી પરંતુ ત્યારબાદથી વાતચીત ચાલી રહી હતી પરંતુ આ ગતિવિધિ આગળ વધી શકી ન હતી. ગયા મહિનામાં જ નાણા રાજયમંત્રી જયંત સિંહા કહી ચુક્યા છે કે, હાલમાં ૨૭ જાહેર ક્ષેત્રની બેંકો છે. બેંકોની હાલત કફોડી બનેલી છે. કેટલીક બેંકો મુશ્કેલ સ્થિતિમાં ચાલી રહી છે. એસબીઆઈના મર્જરની સાથે સાથે આજે અન્ય કેટલાક મહત્વપૂર્ણ નિર્ણય પણ લેવામાં આવ્યા હતા.

## ઘનિષ્ઠ ચર્ચા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કરી હતી અને આશા વ્યક્ત કરી હતી કે, ફુગાવો આરબીઆઈની હદમાં રહેશે. શાકભાજીના ભાવ ન પોશાય તેવી સપાટી ઉપર પહોંચે છે. લોકોના બજેટ બગડી ગયા છે. મંગળવારના દિવસે જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે, શાકભાજીનો ફુગાવો એપ્રિલ મહિનામાં ૨.૨૧ ટકા હતો જે વધીને મે મહિનામાં ૧૨.૯૪ ટકા થયો હતો. ટામેટાના ભાવ તમામને આશ્ચર્યચકિત કરી રહ્યા છે. પાકને નુકસાનના પરિણામ સ્વરુપે દેશભરમાં ટામેટાના ભાવ કિલોદીઠ સરેરાશ ૮૦ રૂપિયા થઈ ગયા છે. હૈદરાબાદમાં તે કિલોદીઠ ૧૦૦ રૂપિયા ભાવ બોલાઈ રહ્યો છે. બટાકા અને ડુંગળીના ભાવ પણ રેકોર્ડ ઉંચી સપાટી ઉપર છે. કઠોળના છુટક ભાવ પણ રેકોર્ડ ઉંચી સપાટી ઉપર છે. પ્રતિકિલો ૧૭૦ રૂપિયાનો ભાવ થયો છે. જાન્યુઆરી ૨૦૧૫ બાદથી કઠોળનો ફુગાવો બે આંકડામાં વધ્યો છે અને મે મહિનામાં ૩૫.૫૬ ટકાનો ફુગાવો રહ્યો છે. વધતી જતી તેલ કિંમતોના પરિણામ સ્વરુપે આગામી નાણાંકીય વર્ષ સુધી હોલસેલ ફુગાવો ત્રણ ગણો વધી શકે છે.